ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ
(ગુજરાત સરકારનુ જાહેરસાહસ)
બ્લોક નં. ૧૬-૧૭/૪, ઉદ્યોગ ભવન, સેકટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૦
ફોન નં: ૦૭૯/૨૩૨૨૨૫૨૩, ૨૩૯૭૭૨૦૦ વેબ સાઈટ : www.gujarattourism.com

## જાહેરાતનું વેબપેજ (ભરતી-૨૦૧૮)

## વર્ગ -૩ની જગ્યાઓ સહાયક તરીકે કરાર આધારિત ફીક્ષ પગારથી પાંચ વર્ષના ધોરણે સીધી ભરતી અંગેની જાહેરાત

ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ, ગાંધીનગર હસ્તકની વર્ગ -૩ની જગ્યાઓ સહાયક તરીકે કરાર આધારિત ફીક્ષ પગારથી પાંચ વર્ષના ધોરણે સીધી ભરતીથી ભરવા માટે ઉમેદવાર પંસદ કરવા ઓન લાઈન અરજીપત્રકો મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે http://ojas.gujarat.gov.in અને www.gujarattourism.com વેબસાઇટ ઉપર મૂકવામાં આવેલ સુચનાઓ/માહિતી મુજબ તા.૨૫/૧૦/૨૦૧૮ થી તા.૧૪/૧૧/૨૦૧૮ સુધી ઓનલાઇન અરજી કરવાની રહેશે. ઉમેદવારનો તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ (૧૫ કે.બી.) અને સહીનો નમૂનો (૧૫ કે.બી) સાઇઝ થી વધે નહી તે રીતે JPG ફોરમેટમાં સ્કેન કરી ઓનલાઇન અરજીમાં અપલોડ કરવાનો રહેશે. અરજીપત્રકમાં ઉમેદવારે પરીક્ષા ફી પોસ્ટ ઓફીસ ખાતે જમા કરાવ્યા બાદ અરજી અંગે કન્ફોર્મેશન મળશે.

૧. અનામતની ટકાવારી મુજબ ભરવાની થતી જગ્યાઓની વિગત નીચે મુજબ છે:

| ક્રમ | જગ્યાનુ નામ | જગ્યાની સંખ્યા | રોસ્ટર મુજબ ભરવાની થતી જગ્યાની વિગત | |
|---|---|---|---|---|
| | | | બિન અનામત | અનુ. જન. જાતી. |
| ૧. | મદદનીશ હિસાબ-સહાયક | ૨ | ૧ | ૧ |

- અનામત ટકાવારી ફક્ત મૂળ ગુજરાતના જે તે અનામત કેટેગરીના ઉમેદવારો માટે જ અનામત છે અનામત .કક્ષાના ઉમેદવાર બિન અનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેવા કિસ્સામાં વય મર્યાદા, લાયકાત ફી ,વગેરે અંગે બિન અનામત ધોરણ લાગુ પડશે .
- મહિલાઓ માટેની જગ્યાઓ ૩૩ %, શારિરીક ખોડખાપણવાળા માટે ૩% અને માજી સૈનિક માટે ૧૦% મુજબ ભરવાપાત્ર થતી અનામત જગ્યાઓ, તેટલા પ્રમાણમાં થતી ન હોઈ, આ જગ્યાઓ ભરવાપાત્ર થતી નથી.

૨. ઉપરોકત જગ્યાઓની શૈક્ષણિક લાયકાત, અનુભવ, વય મર્યાદા અને પગાર ધોરણ વિગેરેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | શૈક્ષણિક લાયકાત | અનુભવ | વય | કરારના સમયગાળા દરમ્યાન (પાંચ વર્ષ માટે) મળવાપાત્ર માસિક વેતન<br>તા. ૧૮/૦૧/૨૦૧૭ના ઠરાવ મુજબ નિયત થયેલ ફીક્ષ પગાર | કરારનો સમય ગાળો પુરો થયા પછી મળવાપાત્ર નિયમીત પગારધોરણ |
|---|---|---|---|---|---|
| મદદનીશ હિસાબ-સહાયક | કોઈપણ માન્ય યુનિ.માં વાણિજ્ય અથવા વિજ્ઞાન (ગણિત/આંકડાશાસ્ત્ર ના વિષય સાથે) અથવા વિનયન(આંકડાશાસ્ત્ર ના વિષય સાથે) ૬૦% કે તેથી વધુ ટકા ધરાવતા હોવા જોઈએ. | આ ક્ષેત્રનો ત્રણ વર્ષનો અનુભવ.<br>જેમાં સરકારી/ અર્ધ સરકારી/ જાહેરક્ષેત્રો અથવા<br>નામાંકિત હોટેલ અથવા પ્રવાસન સાથે સંકળાયેલ સંસ્થા/ટુર્સ & ટ્રાવેલ્સમાં કાયમી અથવા કરારના ધોરણે કામગીરીનો કૂલ ત્રણ વર્ષનો અનુભવ.<br>વધુમાં<br>૧. કોમ્પ્યુટર કૌશલ્યનુ પ્રાથમીક જ્ઞાન જે 'CCC' ની સમકક્ષ હોવુ આવશ્યક.<br>૨. ટેલી બેઝિક કોમ્પ્યુટર સ્કીલ અંગેની એકાઉન્ટીંગની નિતીઓ/પધ્ધતીઓનુ જ્ઞાન હોવુ આવશ્યક છે.<br>૩.માઈક્રોસોફ્ટ એક્સેલનુ પ્રાથમિક જ્ઞાન હોવુ આવશ્યક. | ૨૮ વત્તા ઉમંરમાં ૫ વર્ષની છુટછાટ | ૧૯૯૫૦/- | છઠ્ઠા પગારપંચ મુજબ પે બેન્ડ ૫૨૦૦-૨૦૨૦૦<br>ગ્રેડ પે ૨૪૦૦<br>(સાતમા પગારપંચ મુજબ રૂ.૨૫૫૦૦-૮૧૧૦૦ , લેવલ-૪) |

**૧. વય મર્યાદા :**

અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ઉમેદવારની વય ઉપર દર્શાવેલ ઉમરથી વધુ હોવી જોઈશે નહિ. તમામ કેટેગરીના ઉમેદવારોની ઉમર ઉપલી વયમર્યાદા છૂટછાટ સાથે કોઈપણ સંજોગોમાં નિયત તારીખે ૩૩ વર્ષથી વધવી જોઈશે નહિ. વયમર્યાદામાં સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો મુજબ છુટછાટ રહેશે. ગુજરાતનાં હોય તેવા અનામત વર્ગોના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં નિયમોનુસાર છૂટછાટ આપવામાં આવશે.

સરકારશ્રીના સા. વ. વિ. ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર -૧૧૨૦૦૮-૨૮૨૩૨૩-ગ.પ. ૦૬-૧૦-૨૦૧૫થી ભરતી નિયમોમાં વય મર્યાદા નિયત કરવા બાબતે માન. મુખ્યમંત્રીશ્રી સ્વાવલંબન યોજના અન્વયે તમામ ભરતી પ્રક્રિયામાં એસ.સી/એસટી./ઓબીસી અને બિનઅનામત દરેક વર્ગની હાલની મહત્તમ વયમર્યાદામાં પાંચ વર્ષનો વધારો કરવાનો નિર્ણય લેવાયેલ છે. આ ઠરાવ મુજબ સદર સીધી ભરતી અંતર્ગત મહત્તમ વય મર્યાદામાં પાંચ વર્ષોનો વધારો કરવામાં આવેલ છે જે જાહેરનામાની/ઠરાવની જોગવાઈ મુજબ લાગુ કરેલ છે

**૨. પગાર ધોરણ :**

નાણાં વિભાગના તા. ૧૬/૨/૨૦૦૬ અને તા. ૨૯/૪/૨૦૧૦ના ઠરાવ ક્રમાંકઃ- ખરચ/૨૦૦૨/૫૭-પાર્ટ-૨/ઝ.૧ની જોગવાઈઓને આધિન તથા તા. ૨૦/૧૦/૨૦૧૪ , તા. ૨૦/૧૦/૨૦૧૫, તા.૦૧/૦૧/૨૦૧૬ના ઠરાવ ક્રમાંકઃ- ખરચ/૨૦૦૨/૫૭-પાર્ટ-૨/ઝ.૧ અને તા.૧૮/૦૧/૨૦૧૭ના ઠરાવ ક્રમાંકઃ- ખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ-૨/ઝ.૧ થી નિયત કરેલ જોગવાઈ મુજબ પાંચ વર્ષ માટે વર્ગ-૩ની આ જગ્યાઓ માટે પ્રતિમાસ સુધારા મુજબનો ફીક્સ પગાર રૂ.૧૯૯૫૦/- રહેશે. તેમજ આ ઠરાવથી નિયત થયેલ અન્ય લાભો મળવાપાત્ર રહેશે. ત્યારબાદ પાંચ વર્ષની સેવાઓ સંતોષકારક રીતે પુરી થયેથી વર્ગ-૩ની જેતે જગ્યાના પગાર ધોરણમાં નિયમિત નિમણૂક મેળવવાપાત્ર થશે. આ બાબતે નામ. સુપ્રિમ કોર્ટમાં દાખલ થયેલ SLP No. 14124/2012 અને SLP No. 14125/2012ના ચુકાદાને આધિન રહેશે.

**૩. સ્પર્ધાત્મક પરીક્ષાની પ્રક્રિયા**

સરકારશ્રીના તા. ૬/૧૧/૨૦૧૫ના ઠરાવ ક્રમાંકઃ- પરચ/૧૦૨૦૧૫/૧૨૨૩/ક થી વર્ગ-૩ની જગ્યાઓની ભરતી પ્રક્રીયામાં રૂબરૂ મુલાકાતની જોગવાઈ રદ કરવામાં આવેલ છે અને ફક્ત સ્પર્ધાત્મક પરીક્ષામાં મેળવેલ ગુણના આધારે પસંદગી કરવાનુ ઠરાવેલ છે. તે અનુસાર નિગમમાં આ જોગવાઈનો અમલ કરેલ છે. આ જગ્યાઓ ઉપર કરાર આધારીત ફીક્ષ પગારથી પાંચ વર્ષના ધોરણે સીધી ભરતીથી નિમણુંક કરવા માટે નિગમ નક્કી કરે તે સંસ્થા મારફત સ્પર્ધાત્મક પરીક્ષાનુ આયોજન કરવામાં આવનાર છે. પસંદગીની પ્રક્રિયા હેતુલક્ષી પ્રશ્નોવાળી O.M.R પધ્ધતિથી ૨૦૦ માર્કસની પરીક્ષા લેવામાં આવશે. પ્રશ્ન પત્ર નીચેની વિગતે રહેશે.

૧. ૧૦૦ માર્ક્સના સંબધિત વિષયને લગતા પ્રશ્નો
૨. ૫૦ માર્ક્સના સામાન્ય જ્ઞાનને લગતા પ્રશ્નો
૩. ૨૫ માર્ક્સના અંગ્રેજી ભાષાને લગતા પ્રશ્નો
૪. ૨૫ માર્ક્સના પ્રવાસનને લગતા પ્રશ્નો

પરંતુ નિગમને યોગ્ય અને જરૂરી લાગશે તો તેમાં જરૂરી ફેરફાર કરી શકશે અને તેવા સંજોગોમાં તેણી જાણ વેબસાઇટ ઉપર કરવામાં આવશે. પરીક્ષાનું માધ્યમ ગુજરાતી રહેશે. અંગ્રેજી ભાષાને લગતા પ્રશ્નોનું માધ્યમ અંગ્રેજી રહેશે. નેગેટીવ માર્કિંગ રાખવામાં આવશે. જેમાં પ્રશ્નનો જવાબ ઉમેદવાર ધ્વારા ખોટો લખવામાં આવશે તો દરેક ખોટા જવાબ દીઠ ૦.૨૫ લેખે માર્કસ કાપવામાં આવશે. બન્ને જગ્યાઓની પરીક્ષા એક જ દિવસે લેવામાં આવશે.

- શકય હોય ત્યાં સુધી પરીક્ષા સંબંધિત બધીજ સૂચનાઓ મોબાઈલ નંબર ઉપર SMS અને e-mail થી આપવામાં આવશે. આથી અરજીપત્રકમાં મોબાઈલ નંબર અને e-mail આઈડી અવશ્ય દર્શાવવા અને પરીક્ષા પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી તે જાળવી રાખવા જરૂરી છે.
- લેખિત પરીક્ષા O.M.R. પધ્ધતિથી લેવામાં આવશે. કોઈપણ સંવર્ગની પરીક્ષા વધુમાંવધુ બે દિવસમાં લેવામાં આવશે
- O.M.R. પધ્ધતિથી લેવાનાર પરીક્ષા ૨૦૦ માર્કસની રાખવામાં આવેલ છે. જેમાં કટઓફ માર્કસ નક્કી કરવાની સત્તા પસંદગી સમિતિને રહેશે.

**૪. કોમ્પ્યુટરની જાણકારી**

ઉમેદવાર કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે. સામાન્ય વહિવટ વિભાગના તા. ૧૩/૮/૨૦૦૮ના ઠરાવ ક્રમાંકઃ- જીએસ/૧૧/૨૦૦૮/સીઆરઆર/૧૦/૨૦૦૭/૧૨૦૩૨૦/ગ-૫થી નક્કી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઈપણ સરકાર માંન્ય તાલીમ સંસ્થાનું પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઈશે તથા સરકાર માન્ય યુનિર્વસીટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈપણ ડિપ્લોમા અભ્યાસક્રમમા કોમ્પુટર એક વિષય સાથે પસાર કરેલ હોય તેવા પ્રામાણપત્રો અથવા ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ની પરીક્ષા કોમ્પુટરના વિષય સાથે પસાર કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈશે. આ તબક્કે આ પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે. પરંતુ નિમણૂક મેળવવાને પાત્ર થશે નહીં. નિમણૂક સમયે કોમ્પ્યુટરની 'CCC' પરીક્ષા પાસ કર્યા અંગેનું પ્રમાણપત્ર ધરાવતા હોવા જોઈશે. આ સંદર્ભે કોમ્પ્યુટરની ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતા કર્મચારીઓ/અધિકારીઓને કોમ્પ્યુટર કૌશલ્યની 'CCC' પરીક્ષામાંથી મુક્તિ આપવા બાબતના સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૦૪/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-પાર્ટ-૩-કની જોગવાઈ લાગુ પડશે.

**૫. પરીક્ષા ફી અને પરીક્ષા કેન્દ્રની વિગત**

i. બિન અનામત ઉમેદવારો માટે અરજી ફી રૂ .૫૦૦/- વત્તા પોસ્ટ ઓફીસ ચાર્જ રૂ .૧૨/- તથા અનુ.જન.જાતિ વર્ગના ઉમેદવારો માટે અરજી ફી રૂ. ૨૫૦/- વત્તા પોસ્ટ ઓફિસ ચાર્જ રૂ .૧૨/- રોકડમાં સ્થાનીક પોસ્ટ ઓફીસમાં ભરવાનો રહેશે.
ii. ઓનલાઈન અરજી કર્યા બાદ OJASની વેબસાઈટ ઉપરથી ઉમેદવારના અરજીપત્રકની સાથે આપેલ પોસ્ટ ઓફિસના ૩ ચલણની A-4 સાઇઝમાં પ્રિન્ટ લઇને તે કોઈપણ કોમ્પ્યુટરાઈઝડ પોસ્ટ ઓફિસમાં રજૂ કરવાથી તેઓ ધ્વારા ફી સ્વીકારવામાં આવશે.
iii. આ ત્રણ ચલણ પૈકી એક ચલણ પોસ્ટ ઓફિસ રાખશે અને બીજા બે સહી/સિક્કા કરી ઉમેદવારને પરત કરશે .
iv. પોસ્ટ ઓફિસમાં ફી ભરવાની છેલ્લી તારીખ: ૧૫/૧૧/૨૦૧૮**ના** રોજ પોસ્ટ ઓફિસના કામકાજના સમય સુધી છે.
v. ફી ભર્યા બાદ રિફંડ મળવાપાત્ર નથી તેમજ ફી ભર્યા વગરની અરજી માન્ય રહેશે નહિ.
vi. પરીક્ષા ફી ભરવાથી ઉમેદવારને તેઓ દ્વારા દર્શાવેલ મોબાઈલ નંબર ઉપર SMSથી ફી ભર્યાની જાણ કરવામાં આવશે, જો ઉમેદવારને SMS ન મળે તો દિન -૨ માં ઉમેદવારે જે પોસ્ટ ઓફિસ ખાતે ફી જમા કરાવેલ હોય તે પોસ્ટ ઓફિસનો સંપર્ક કરવાનો રહેશે
vii. સ્પર્ધાત્મક પરીક્ષા અમદાવાદ ખાતે યોજવામાં આવશે. પરીક્ષા કેન્દ્રમાં ફેરફાર કે અમદાવાદ ઉપરાંત્ત અન્ય સ્થળે પરીક્ષા યોજવાનો નિગમનો હક્ક અબાધિત રહેશે.
viii. આ માટે ઉમેદવારને કોઇ પણ પ્રકારના ભાડા ભથ્થાઓ મળવાપાત્ર થશે નહીં.

૬. ના વાંધા પ્રમાણપત્ર

**ગુજરાત સરકારના સરકારી/અર્ધસરકારી/સરકાર હસ્તકના બોર્ડ-કોર્પોરેશન/કંપનીઓમાં ફરજ બજાવતા કર્મચારીઓએ તેમની કચેરી/ખાતાનું "ના વાંધા પ્રમાણપત્ર" પરિક્ષામાં મેરીટ મુજબ ઉતિર્ણ થયા બાદ જો પ્રમાણપત્રોની ચકાસણી માટે બોલાવવામાં આવે તો તે સમયે રજુ કરવાનું રહેશે.**

૭. અગત્યની સૂચનાઓ.

i. રાષ્ટ્રીયતા : ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈશે.

ii. ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતા હોવા જોઈશે.

iii. સદરહુ ભરતી સંબંધિત તમામ સૂચનાઓ/વિગતો વખતો વખત www.gujarattourism.com અને http://ojas.gujarat.gov.in પરથી જોવા મળી શકશે

iv. ઉમેદવારે નિયત અરજીપત્રકમાં ભરેલી વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ (અસલ અને પ્રમાણિત નકલ) આ નિગમ દ્વારા જ્યારે માંગવામાં આવે ત્યારે જે તે સ્થળે અને સમયે સ્વ-ખર્ચે રૂબરૂ રજુ કરવાના રહેશે. અન્યથા અરજી પત્રક જે તે તબક્કે રદ્દ કરવામાં આવશે. ઓન લાઇન અરજી કરતી વખતે કોઈ પ્રમાણપત્રો/સર્ટિફિકેટ જોડવાના નથી. જે ઉમેદવાર શારીરિક અશકતતા ધરાવતા હોયતેવા ઉમેદવારે શારીરિક અશક્તતાની ટકાવારી અંગેનુ સિવિલ સર્જનનુ પ્રમાણપત્ર નિગમ દ્વારા માંગવામાં આવે ત્યારે રજુ કરવાનુ રહેશે.

v. અનામત કેટેગરીના તમામ ઉમેદવારોના કિસ્સામાં જાતિનું પ્રમાણપત્ર. વય મર્યાદા, શૈક્ષણિક લાયકાત, વધારાની અનુભવ અને લાગુ પડે ત્યાં નોન-ક્રિમિલિયર સર્ટીફિકેટ રાજ્ય સરકારની નોકરી માટે સરકારશ્રી દ્વારા નિયત થયેલ નમૂનામાં હોવું ફરજિયાત છે તે સિવાય જે તે અરજદારને સા.શૈ.પ. તરીકેનો લાભ મળવાપાત્ર રહેશે નહિ. આ તમામ પ્રમાણપત્ર અરજી ઓનલાઇન કરવાની છેલ્લી તારીખ સુધીમાં મેળવેલ હોવા જોઈશે. અન્યથા ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

vi. આ જગ્યાઓની ભરતી પ્રકિયામાં આખરી પસંદગી પામેલ ઉમેદવારની નિમણુક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણુક મેળવવાને પાત્ર ઠરશે.

vii. ઉમેદવાર પોતે આખરી પસંદગી યાદીમાં સમાવિષ્ટ થવા માત્રથી સબંધિત જગ્યા ઉપર નિમણૂંક કરવાનો દાવો કરવાને હક્કદાર થશે નહી. નિમણૂંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે જાહેર સેવા સારૂ તે ઠરાવેલ નિયમોનુસાર અને આ જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અનુસાર યોગ્ય જણાતો નથી તો જે તે તબક્કે આવા ઉમેદવારને તેની નિમણૂક બાબતે નિમણૂંક સત્તાધિકારીનો નિર્ણય આખરી ગણાશે.

viii. આ ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમોને આધિન રહેશે.

**ix.** અનુભવ મેળવેલ હોય તે નોકરીદાતા ધ્વારા ઇસ્યુ થયેલ પ્રમાણપત્રમાં કયા પ્રકારનું કામ હતું, ક્યા પ્રકારના સ્કીલની જરૂર હતી, હોદ્દો, મળતો માસિક અને વાર્ષિક પગાર, અનુભવનો સમયગાળો (ક્યારથી ક્યાર સુધી) નોકરી કર્યાનુ સ્થળ દર્શાવેલ હોવો જોઈશે. પગાર માટે પગાર સ્લીપ, છેલ્લા પગારનું પ્રમાણપત્ર, બેન્ક એકાઉન્ટ સ્ટેટમેન્ટ વગેરે પુરાવા તરીકે રજુ કરવાના રહેશે. વળી **અનુભવ જગ્યાને અનુરૂપ છે કે કેમ તે અંગે પસંદગી સમિતિનો નિર્ણય આખરી ગણાશે. નિયત શૈક્ષણિક લાયકાત પ્રાપ્ત કર્યા બાદનો જ અનુભવ ધ્યાને લેવામાં આવશે. પાર્ટટાઈમ કે આંશિક અનુભવ/તાલીમ લીધેલ હોયતે માન્ય રહેશે નહીં**.

x. આ જાહેરાત કોઈ પણ કારણોસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની કે જગ્યાઓની સંખ્યામાં વધ –ઘટ કરવાની આવશ્યક્તા ઊભી થશે તો તેમ કરવાનો નિગમનો અબાધિત હક્ક/અધિકાર રહેશે અને આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહીં. તેમજ તેવા સંજોગોમાં ભરેલ અરજી અને પરીક્ષા ફી પરત મળવાપાત્ર થશે નહીં. ઓન લાઇન

અરજી પત્રક વેબસાઇટ www.gujarattourism.com અથવા http://ojas.gujarat.gov.in ઉપર ઓનલાઈન ભરવાનું રહેશે. ઓનલાઈન અરજી ફોર્મ કોઈ પણ કોમ્પ્યુટર કે જેની સાથે ઇન્ટરનેટ સુવિધા ઉપલબ્ધ હોય તે ઉપરથી ભરી શકાશે.

xi. અરજી પત્રક ભરતાં પહેલાં વેબસાઇટ ઉપર મૂકવામાં આવેલ ઉમેદવાર માટેની સૂચનાઓ અને ઓનલાઈન અરજી પત્રક ભરવા બાબતની સૂચનાઓનો કાળજીપૂર્વક અભ્યાસ કરવા વિનંતિ છે અને ત્યારબાદ જ ઓનલાઈન અરજી પત્રક ભરવું.

xii. ટપાલ કે કુરીયર કે રૂબરૂ મોકલાવેલ અરજી ફોર્મ રદ્દ થયેલા ગણાશે. તેમજ ફી પરત મળશે નહીં. ઓનલાઈન અરજીનું પ્રિન્ટ આઉટ અરજદારે પોતાની પાસે રાખવાનું રહેશે. આ કચેરી ધ્વારા માંગણી થયેથી પ્રમાણપત્રો સાથે રૂબરૂ રજૂ કરવાના રહેશે.

xiii. ભરતી પ્રક્રિયા દરમ્યાન રાજકીય કે અન્ય કોઈ રીતે ભલામણના પ્રયાસ કરનાર ઉમેદવારને ગેરલાયક ઠેરવી બાકાત રાખવામા આવશે.

xiv. વધુ માહિતી માટે સંપર્ક ન: ૦૭૯/૨૩૯૭૭૨૦૦-૨૯-૧૯

xv. જે કોઈ ઉમેદવાર........

- તેને ઉમેદવારી માટે કોઈપણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે નિગમના અધ્યક્ષ, સભ્ય અથવા કોઈ અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે
- બીજાનું નામ ધારણ કરવા માટે
- બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે
- બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે
- યથાર્થ અથવા ખોટી મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે
- પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઇ અનિયમિત અથવા અયોગ્ય સાધનનો આશ્રય લેવા માટે
- પરીક્ષા દરમ્યાન ગેરવ્યાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની ઉત્તરવહીમાંથી નકલ કરવા, પુસ્તક, ગાઈડ, કાપલી કે તેવા કોઈપણ છાપેલા કે હસ્ત લેખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઈપણ ગેરરીતિ આચરવા માટે
- લખાણોમા અશ્લિલ ભાષા અથવા બિભત્સ બાબત સહિતની અપ્રસ્તુત બાબત લખવા માટે
- પરીક્ષા ખંડમાં અન્ય કોઈ રીતે ગેરવર્તણૂક કરવા માટે
- પરીક્ષાના સંચાલન માટે નિગમે રોકેલા સ્ટાફને સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઇજા કરવા માટે
- પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલા તમામ અથવા કોઈપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા યથા પ્રસંગ મદદગારી કરવા માટે
- પરીક્ષા આપવા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલ કોઇપણ સૂચનાનો ભંગ કરવા માટે, દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યું હોય તો, તે ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત નિગમ તે જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાથી તેને ગેરલાયક ઠરાવી શકશે અથવા નિગમ સીધી પસંદગી માટે લેવાની કોઈપણ પરીક્ષામાં બેસવામાંથી અથવા કોઈપણ રૂબરૂ મુલાકાતમાંથી અથવા પોતાના હેઠળની કોઈપણ નોકરીમાંથી કાયમી રીતે નિદિષ્ટ મુદત માટે બાકાત કરી શકશે.

ix. સ્પર્ધાત્મક પરીક્ષાના સમયે ઉમેદવારને પોતાની સાથે કોઈ સેલ્યુલર ફોન, પેજર અથવા બીજી કોઈ મોબાઈલ સંદેશા વ્યવહારના સાધનો પરીક્ષા ખંડમાં સાથે લઈ જવાની છૂટ નથી જેના ભંગ બદલ ઉમેદવાર શિક્ષાને પાત્ર બનશે. ઉમેદવારને પરીક્ષામાં સાદી બેટરીથી સંચાલિત નોન-પ્રોગ્રામેબલ પોકેટ કેલ્ક્યુલેટર લાવવાની અને તેનો ઉપયોગ કરવાની છૂટ છે. પણ પરીક્ષા ખંડમાં એકબીજા ઉમેદવાની વચ્ચે કેલ્ક્યુલેટરની અદલા-બદલી થઈ શકશે નહીં. ઉમેદવારને ઓનલાઈન અરજી કર્યા બાદ જાહેરાત સંબંધી અન્ય કોઈ સૂચના માટે www.gujarattourism.com અને http://ojas.gujarat.gov.in સતત જોતાં રહેવા અનુરોધ છે.

x. આ જાહેરાતમાં દર્શાવેલ જગ્યાના ભરતી નિયમો અન્વયે શૈક્ષણિક લાયકાત, વય મર્યાદા, વયમર્યાદામાં છુટછાટ, પરીક્ષા ફી અને પસંદગીની પધ્ધતિની વિગતો અને જાહેરાતની અન્ય તમામ વિગતો website: www.gujarattourism.com અથવા http://ojas.gujarat.gov.in ઉપર જોવા મળશે. ઉમેદવારે ઓન લાઈન અરજી પત્રકમાં બતાવેલી કોઈપણ વિગત અને ઉમેદવારે નિમણૂક સત્તાધિકારી સમક્ષ રજૂ કરેલ જન્મતારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અન્ય લાયકાતોને લગતા પ્રમાણપત્રો ભવિષ્યમાં જે તે તબક્કે નિમણૂંક અધિકારી ધ્વારા ચકાસણી કરતાં ખોટા માલુમ પડશે તો તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારોની નિમણૂંક સત્તાધિકારી/સમિતિના પરામર્શમાં રદ્દ કરવામાં આવશે તેમજ ઉમેદવારને ગેરલાયક ઠરાવવામાં આવશે. તેમજ આવા ઉમેદવારની જો પસંદગી/નિમણૂંક થયેલ હશે તો સબંધિત કચેરી દ્વારા પસંદગી સમિતિના પરામર્શમાં કોઈ પણ તબક્કે રદ્દ કરવામાં આવશે.

xi. સંબંધિત જગ્યાઓની ભરતી પ્રક્રિયાના અનુસંધાને આ જાહેરાતમાં અને સૂચનાઓમાં કોઈપણ કારણોસર ફેરફાર કરવાની કે રદ્દ કરવાની આવશ્યક્તા ઊભી થાય તો તેમ કરવાનો નિગમ/પસંદગી સમિતિનો અબાધિત હકક/અધિકાર રહેશે અને નિગમ/પસંદગી સમિતિ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી.

- /////////// -